સંક્ષિપ્ત સમાચાર

અર્થતંત્ર પાછળની મેરેથોન દોડે ધર્મતંત્રને નબળું પાડ્યું છે : પદ્મદર્શનવિજયજી

સુરત : સોમનાથ રોડ સ્થિત શ્રી ગૌહરબાગ જૈન સંઘમાં પૂ. પદ્મદર્શનવિજયજી મહારાજે કહ્યું હતું કે અર્થતંત્ર પાછળની મેરેથોન દોડે ધર્મતંત્રને નબળું પાડ્યું હોય તેવું લાગે છે. કોઈ કવિની પંક્તિ યાદ આવે છે. દોઢીયા ખાતર દોડતા જીવો, જુઓને જીવતા પ્રેત શહેરીઓ, શ્રીમંતો અને શિક્ષિતોની ત્રિપુટી પૈસાની પાછળ ભૂતની જેમ ભાગી રહી છે. આ ભાગદોડે ધર્મતંત્ર ખોરંભાયું છે. સંપત્તિના મોહે પરિવારપ્રેમ તૂટી રહ્યો છે. જ્યારે પરિવાર તૂટે છે ત્યારે શું તૂટતું નથી તે સવાલ છે. પરિવાર એ તમારું સુરક્ષા ચક્ર છે. જ્યાં સુધી તમે પરિવારની સાથે છો અને પરિવાર તમારી સાથે છે ત્યાં સુધી તમારો માથાનો વાળ પણ કોઈ વાંકો કરી શકે તેમ નથી. પરિવારને પેસાની આવશ્યકતા નથી પણ પ્રેમની વધુ આવશ્યકતા છે. આજનો મોટા ભાગનો વર્ગ ખાવા-પીવા, મોજશોખ અને હરવા-ફરવા પાછળ ધૂમ ખર્ચા કરી રહ્યો છે. દેવું કરીને પણ દિવાળી કરનારા નબીરાઓનો તોટો નથી. પોતાની મહત્વકાંક્ષાઓ પુરી કરવા માટે ધર્મસ્થાનોની દાનપેટીને કે ભગવાનનાં ઘરેણાં ઉપર પણ હાથફેરો કરવાનું તસ્કરો છોડતા નથી. હૈયાની અંદરથી ધર્મતંત્રની વિદાયગીરી થાય ત્યારે જ આવા નાપાક વિચારો ઉદભવતા હોય છે. અર્થતંત્રની આંધળી દોડ માણસને શેતાન અને હેવાન બનાવે છે.

બીલીમોરાનાં બીલીધોબી તળાવમાં શ્રી શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ

બીલીમોરા : શ્રી બાલ ગણેશ યુવક ઉત્સવ મંડળ અને મહાકાલ ભજન ગ્રુપ દ્વારા બીલીમોરાનાં બીલી ધોબી તળાવમાં જયભાઈ જોષીની શિવમહા પુરાણ કથાનો ગુરુવારે પ્રારંભ થયો હતો. ભક્ત શુભાષભાઈ પટેલનાં ઘરેથી પૂજા અર્ચના બાદ કળશ પોથી શોભાયાત્રા નીકળી હતી. જે ગંગા માતા મંદિર, રાધેશ્યામ મંદિર, દ્વારકાધીશ મંદિર થઈ કથા સ્થળે પહોંચી હતી. મહિલાઓ મોટી સંખ્યામાં શોભાયાત્રામાં જોડાઈ હતી. ભજન કીર્તન અને ભક્તિમય ગીત સંગીતના તાલે પોથીયાત્રાએ આકર્ષણ જમાવ્યું હતું. જાણીતા કથાકાર જયભાઈ જોશી કથાનું રસપાન કરાવી રહ્યા છે. જે આગામી શુક્રવારે કથાને વિરામ આપશે. આ પ્રસંગે ભાવિનભાઈ ટંડેલ, શુભાષભાઈ પટેલ, શિવમ પાંચાલ, રાજુભાઇ રાઠોડ સહિત ની ટીમ કથા રસિયાઓની સેવા કરી રહ્યાં છે.

ખેરગામમાં ગૌરવ રથનું સ્વાગત કરાયું

ખેરગામ : આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે અંબાજીથી એકતાનગર અને ઉમરગામથી એકતાનગર સુધી જનજાતિય ગૌરવરથ પહોંચનાર છે. જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી અંતર્ગત જનજાતિય ગૌરવ યાત્રા આજે ખેરગામ તાલુકાના બિરસા મુંડા સર્કલ પર આવી પહોચતા નાગરિકો દ્વારા સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રી નરેશ પટેલ, મંત્રી ડો.જયરામ ગામીત, સાંસદ ધવલ પટેલ, ડાંગ ધારાસભ્ય વિજય પટેલ, ધરમપુર ધારાસભ્ય અરવિંદ પટેલ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ખેરગામના બીરસા મુંડા સર્કલ સ્થિત ભગવાન બીરસા મુંડાની પ્રતિમાને ફુલમાળા અર્પણ કરી ઉપસ્થિત સૌ મહાનુભાવોએ 'જય આદિવાસી', 'જય જોહાર' 'જય બિરસા મુંડા'ના જયઘોષ બોલાવ્યા હતા. આ સાથે જનજાતિય ગૌરવ યાત્રાના રથને ઉપસ્થિત સૌ મહાનુભાવોએ લીલી ઝંડી આપી આગળ પ્રસ્થાન કરાવ્યું હતું. કાર્યક્રમના અંતે ગૌરવ રથ સાથે સ્થાનિક વાહનો યાત્રામાં સહભાગી થતા યાત્રાએ સ્વરૂપ ધારણ કર્યું હતું.

સુરખાઇમાં ભગવાન બિરસાની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી

ઘેજ : ચીખલીના સુરખાઇ જ્ઞાન કિરણ ધોડિયા સમાજની વાડી ખાતે ભગવાન બિરસાની ૧૫૦મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કેબિનેટ મંત્રી નરેશ પટેલના અધ્યક્ષસ્થાને તથા રાજ્યમંત્રી ડો.જયરામ ગામીત સહિત સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર, ડીડીઓ, પ્રાયોજના વહિવટદાર પ્રણવ વિજ્યવર્ગિયની ઉપસ્થિતીમાં જનજાતિય ગૌરવ વર્ષ ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. મંત્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે ૨૧ વર્ષની નાની ઉમરે દેશ માટે પોતાનુ જીવન અર્પણ કરનાર અને સમગ્ર આદિવાસી સમાજના મહાવિભુતિ એવા ભગવાન બિરસા મુંડા અંગે સમગ્ર દેશ ગર્વ લે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી ૧૫-મી નવેમ્બરે જનજાતિય દિવસ અને આ વર્ષને જનજાતિય ગૌરવ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. સાંસદ ધવલભાઇ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કરતા સરકારની વિવિધ યોજનાઓ, સાયન્સ કોલેજ, વિજળી, પાણી, આદિવાસી મંત્રાલય અને બજેટમાં આદિવાસી વિસ્તારના વિકાસ માટે ફાળવવામાં આવેલા કરોડોના બજેટ વિશે ઉલ્લેખ કરી સૌને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં તેજસ્વી તારલાઓ, અગ્રણીઓ તથા વિવિધ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

નવસારીનો 4 મહિનાથી નાસતા ફરતો આરોપી ઝડપાયો

નવસારી : નવસારી એલસીબી પોલીસ ખાનગી બાતમીદારોને રોકી વોચ તપાસ અને વર્કઆઉટમાં હતા, ત્યારે એએસાઈ લલીતભાઈ અને દિગ્વિજયસિંહને મળેલી બાતમીના આધારે 4 મહિનાથી નાસતા ફરતા આરોપી સુરતના માંગરોળ તાલુકાના કઠવાડા ગામના ધર્મેન્દ્ર ઠાકોર વસાવાને ઝડપી લીધો હતો.

નવસારીમાં સૌથી ઠંડો દિવસ

નવસારીમાં લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી નોંધાતા રાત્રે ઠંડીનો ચમકારો

દિવસે ઉકળાટ અને રાત્રે ધ્રૂજાવી દેતી ઠંડીથી બિમારી વધવાની ભીતિ

દિવસે ઉકળાટ અનુભવાય એટલી ગરમી અને રાત્રે ઠંડી પડવાની શરુ થઇ

નવસારી : નવસારીમાં લઘુત્તમ તાપમાનમાં વધુ એક ડિગ્રીનો ઘટાડો થતાં રાત્રે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. સિઝનનો આ સૌથી ઠંડો દિવસ નોંધાયો હતો.

માવઠા બાદ ગરમીનો પારો સતત ઊંચે ગયા બાદ જાણે ઉનાળો બેઠો હોય એમ લોકો ગરમીમાં શેકાયા હતા. જો કે 8 મીથી ફરી માવઠું થાય એવી આગાહી વચ્ચે શુક્રવારથી લઘુત્તમ તાપમાનમાં અચાનક ઘટાડો થઈ 18 ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ તાપમાનમાં વધુ એક ડિગ્રીનો ઘટાડો થઈ 17 ડિગ્રીએ પહોંચતાં ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. જો કે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 32.4 ડિગ્રી નોંધાતા ગરમી યથાવત રહી હતી. દિવસે ઉકળાટ અનુભવાય એટલી ગરમી અને રાત્રે ધ્રૂજાવી દેતી ઠંડી પડવાની શરુ થઈ છે, ત્યારે ગરમી અને ઠંડી વાતાવરણમાં અનુભવાતા હોય બિમારી વધવાની ભીતિ છે.

વલસાડમાં સ્વેટર કાઢવાનો સમય આવી ગયો

વલસાડ : વલસાડમાં શુક્રવારે રાતથી વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ઠંડીના ચમકારા સાથે શિયાળાની શરૂઆત થઇ ગઇ હોવાની અનુભૂતિ થઇ હતી. શનિવારે સવારે સ્કૂલના વિદ્યાર્થીઓએ આ મોસમમાં પહેલી વખત સ્વેટર પહેરીને બહાર નિકળવું પડ્યું હતુ. ફૂલ ગુલાબી ઠંડીને લઇ સ્વાસ્થ્ય પ્રેમીમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

વલસાડમાં શુક્રવારે રાતથી જ ઠંડીનો ચમકારો શરૂ થઇ ગયો હતો. ત્યારબાદ શનિવારે સવારે ઠંડીનું જોર વધ્યું હતુ. શનિવારે લઘુત્તમ તાપમાનનો પારો 12 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યો હતો. જ્યારે મહત્તમ તાપમાનનો પારો 31 ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો, પરંતુ અનુભૂતિ 28 ડિગ્રી સેલ્સિયસની જ જોવા મળી હતી.

વલસાડમાં વરસાદના વિરામ બાદ ઉત્તરથી આવતા ઠંડા પવનો શરૂ થયા હતા અને તેઓ ઠંડીનું મોજું લાવ્યા હતા. શુક્રવાર કરતાં શનિવારે ઠંડીનું પ્રમાણ ખાસ્સું વધ્યું હતુ. રવિવારે સવારે પણ લઘુત્તમ તાપમાન 12 ડિગ્રી જેવું જોવા મળે એવું લાગી રહ્યું છે. જેના કારણે હવે, છત્રી-રેઇનકોટ માળિયા પર ચઢાવી દઈ કબાટમાંથી સ્વેટર કાઢવાનો સમય આવી ગયો હોય એવું લાગી રહ્યું છે.

સાપુતારા ચોમાસાની જેમ શિયાળાનું પણ પ્રવાસન કેન્દ્ર

સાપુતારામાં 22, આહવા-સુબીરમાં 24, વઘઈમાં 26 ડિગ્રી તાપમાન નોંધાયું

સાપુતારા : ગિરિમથક સાપુતારા હવે ધીમે ધીમે શિયાળાના સ્વાગત માટે સજ્જ થઈ રહ્યુ છે. હવામાનમાં પલટો આવતા અહીં ઠંડીનો પગરવ સંભળાવા લાગ્યો છે. આહ્લાદક અને ખુશનુમા વાતાવરણ વચ્ચે કુદરતી સૌંદર્યનો આસ્વાદ માણવા પ્રવાસીઓ સાપુતારા તરફ ધસી રહ્યા છે. આ પ્રવાસીઓ પહાડો, હરિયાળી અને ઠંડકનો અનુભવ કરીને ધન્યતા અનુભવી રહ્યા છે. સામાન્ય રીતે ગરમીના દિવસો બાદ હવામાનમાં થયેલો આ ફેરફાર પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ડાંગ જિલ્લાના અન્ય વિસ્તારોની સરખામણીએ સાપુતારાનું તાપમાન નીચું રહેતા અહીંની ઠંડક માણવાલાયક બની છે. ત્યારે સાંજ સુધીમાં સાપુતારામાં 22 ડિગ્રી, આહવામાં 24 ડિગ્રી, સુબીરમાં 24 ડિગ્રી, વઘઈમાં 26 ડિગ્રી તાપમાન નોંધાયું હતુ. સાપુતારામાં 22 ડિગ્રી જેટલું તાપમાન વહેલી સવારે અને સૂર્યાસ્ત પછી પર્યટકોને ગરમ વસ્ત્રો પહેરવા માટે મજબૂર કરી રહ્યું છે.

ઠંડા પવનો અને રમણીય દ્રશ્યોની સાથે સાપુતારા ખાતે પ્રવાસીઓ માટે અનેકવિધ મનોરંજક અને સાહસિક પ્રવૃત્તિઓ ઉપલબ્ધ છે, જે પ્રવાસના આનંદને બેવડાવે છે. સાપુતારાના મધ્યમાં આવેલા સર્પગંગા સરોવરમાં બોટિંગ કરવાનો અનુભવ પ્રવાસીઓને ખૂબ જ ગમી રહ્યો છે. તળાવની આસપાસની પહાડીઓનું પ્રતિબિંબ પાણીમાં પડતાં દ્રશ્ય અદ્ભુત લાગે છે. શિયાળાની શરૂઆત થતાં જ સાપુતારામાં પ્રવાસીઓનો ધસારો વધ્યો છે, જેના કારણે સ્થાનિક પ્રવાસન ઉદ્યોગને મોટો વેગ મળ્યો છે.

વઘઇ નજીક ટામેટાનો જથ્થો ભરેલો ટેમ્પો પલટી ગયો

■ સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારાથી વઘઇને જોડતા રાજ્ય ધોરીમાર્ગનાં વઘઇ આર.ટી.ઓ ચેકપોસ્ટ નજીક ટામેટાનો જથ્થો ભરેલી પિકઅપ ગાડી પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ નાસિકથી ટામેટાનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલી પિકઅપ ગાડી ન. એમ.એચ. 15 જે.સી 0718 જે સાપુતારાથી વઘઇને જોડતા રાજ્ય ધોરીમાર્ગનાં વઘઇ આર.ટી.ઓ ચેકપોસ્ટ નજીક ચાલક દ્વારા અચાનક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા માર્ગની ડિવાઇડર સાથે અથડાઈને ધડાકેભેર પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં ટામેટાનો જથ્થો સહીત પિકઅપ ગાડીને જંગી નુકસાન થયુ હતુ.જ્યારે ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયેલો હોવાની વિગતો સાંપડેલી છે.

ડાંગમાં 'સહાય'ના નામે આદિવાસી ખેડૂતો સાથે ઠગાઈ

'જેરીકો યુનિવર્સલ વર્લ્ડ' નામની સંસ્થા લાખો રૂપિયા લઈ રફુચક્કર

જ્યાં જિલ્લાનું તંત્ર સજ્જ છે, ત્યાં આહવામાં જ લેભાગુ સંસ્થાએ ધંધો શરૂ કર્યો

જ્યાં જિલ્લાનું સમગ્ર તંત્ર સજ્જ છે, ત્યાં આહવા જેવા મુખ્ય મથકમાં જ આ પ્રકારે એક લેભાગુ સંસ્થા સબસીડીના નામે નિર્દોષ ખેડૂતોને છેતરવાનો ધંધો શરૂ કરે તે ચોંકાવનારી બાબત કહી શકાય એમ છે. જેથી સમગ્ર કૌભાંડની તપાસ શરૂ કરી સંસ્થાના દસ્તાવેજો અને બેંક ટ્રાન્ઝેક્શન્સની ચકાસણી કરી જવાબદાર લેભાગુ સંચાલકો સામે કાર્યવાહીની ખેડૂતો માંગ કરી રહ્યા છે. આ મામલે ખેડૂતોએ આહવા પોલીસ મથકે લેખિત ફરિયાદ આપી છે.

સાપુતારા : ડાંગ જિલ્લાનાં ગરીબ આદિવાસી ખેડૂતોની મહેનતની કમાણી પર લેભાગુ સંસ્થાએ હાથ ફેરો કર્યો છે. 'જેરીકો યુનિવર્સલ વર્લ્ડ' નામની એક કથિત સંસ્થાએ સરકારી સબસીડી અને ખેતીના સાધનોની લાલચ આપી આહવા ખાતે ઓફિસ ખોલી ખેડૂતો પાસેથી નાણા ઉઘરાવ્યા બાદ શટર પાડી ગાયબ થઈ જતા આહવા પોલીસ મથકે લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આહવામાં કલેક્ટર કચેરી, જિલ્લા વિકાસ અધિકારીની કચેરી અને જિલ્લા પોલીસ વડાની કચેરી સહીતની સરકારી કચેરીઓ આવેલી છે, તે જ સ્થળે આદિવાસી ખેડૂતોને વિશ્વાસમાં લઈને ઠગવાનો એક નવો અને ચોંકાવનારો ધંધો સામે આવ્યો છે. 'જેરીકો યુનિવર્સલ વર્લ્ડ' નામની સંસ્થાએ આહવામાં ઓફિસ ખોલી હતી. આ સંસ્થાએ ડાંગના આદિવાસી ખેડૂતોને ખેતીવાડીમાં ઉપયોગી મશીનરી, બિયારણ અને અન્ય સાધનો પર સરકારી સબસીડી અને સહાય આપવાની લાલચ આપી હતી. આ લેભાગુ સંસ્થાએ ખેડૂતોના વિશ્વાસને જીતવા માટે સ્થાનિક વ્યક્તિને 'સુપરવાઈઝર' તરીકે પણ નિયુક્ત કર્યો હતો. મોટી સબસીડી મળશે એવી ખાતરી આપીને, ખેડૂતો પાસેથી અરજી ફી અથવા અન્ય ચાર્જના નામે રસીદ આપીને રોકડી રકમ વસૂલ કરવામાં આવી હતી. રાહત દરે ખેતીના સાધનો મળવાની આશામાં, ડાંગના ગરીબ આદિવાસી ખેડૂતોએ ઉછીના લઈને કે પછી મહેનત-મજૂરી કરીને મેળવેલા પૈસા આ સંસ્થાને જમા કરાવ્યા હતા. નાણાં વસૂલ કર્યા બાદ થોડા જ સમયમાં, આ લેભાગુ સંસ્થાએ ઓફિસનું શટર પાડી દીધું હતુ. અને ખેડૂતોને સહાય, સબસીડી કે મશીનરી આપી નથી.

વાપી શાળાના સ્થાપકના 85માં જન્મદિવસની ઉજવણી

વાપી : વાપીની શ્રી એલ જી હરિઆ મલ્ટિપર્પઝ શાળાના સ્થાપક કાન્તીલાલ લખમશી હરિયાની 85મા જન્મદિવસ નિમિત્તે શાળામાં ઉજવણી કરવામાં આવી હતી. એલ જી હરિઆ મલ્ટિપર્પઝ શાળા સંસ્થાના કર્મવીર અને દાનવીર સ્થાપક કાન્તીલાલ લખમશી હરિયાની યાદમાં આજે એમના ૪૫મા જન્મદિવસની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ટ્રસ્ટી હર્ષિદાબેન રમેશભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે શાળાના બાળકોને સ્મૃતિ ભેટ આપવામાં આવતા બાળકો ભેટ પ્રાપ્ત કરી ખૂબ ખુશ થયા હતા.

સરાવ ગામમાં શનિવારે રાત્રિ વોલીબોલ ટુર્નામેન્ટ

નવસારી : શનિવારે તા. 15 મી નવેમ્બરે રાત્રે 8.30 કલાકે સરાવ ગામે ગુજરાત વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં રાજ્યના ખેલાડીઓ આહવાના કૌશિક જાદવ, બોરિયાના પસાભાઈ, વલસાડના બંટીભાઈ, સુરતના પીયૂષભાઈ - ભાઈજી, સોનગઢના ચિંતન મહેતા, કાંગવાઈના શાહીદભાઈ ભાગ લેશે. ધારાસભ્ય આર.સી.પટેલના અધ્યક્ષસ્થાને ટુર્નામેન્ટ યોજાશે.

શ્રી ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. (વ્યારા સુગર ફેક્ટરી)
નુતનવર્ષાભિનંદન
રવીન્દ્રસિંહ જી.ચૌહાણ
મેનેજીંગ ડિરેક્ટર
માનસિંહભાઈ કે.પટેલ
પ્રમુખ
કસ્ટોડિયન કમિટી સભ્યશ્રીઓ

"સ્વચ્છ, સુંદર, હરિયાળુ વ્યારા"
વ્યારાનગરપાલિકા જિ-તાપી
આવો સાથે મળી નગરનો વિકાસ કરીએ
સૌનો સાથ સૌનો વિકાસ
"દિપાવલી શુભેચ્છા" તથા
"નુતન વર્ષાભિનંદન"
વંદના બી. ડોબરીયા
ચીફ ઓફિસર- વ્યારા નગરપાલિકા
દિલીપભાઈ એ.જાદવ
ચેરમેન-કારોબારી
વ્યારા નગરપાલિકા
રિતેષભાઈ એચ.ઉપાધ્યાય
પ્રમુખ - વ્યારા નગરપાલિકા
નીલમબેન જી.શાહ
ઉપપ્રમુખ - વ્યારા નગરપાલિકા, તથા
વ્યારા નગરપાલિકાના સભ્યશ્રીઓ
તથા વ્યારા નગરપાલિકા સમસ્ત પરિવાર

Warm wishes for the festival of Diwali and the New Year
A Well-Wisher
Vyara, Tapi

ખુલ્લી હરજી ખરોતોલ રોકડાનાણાં
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ,વ્યારા
આદરણીયા ખેડુતભાઈઓ તથા વેપારીમિત્રોને દિપાવલીની હાર્દિક શુભેચ્છા તથા નુતન વર્ષાભિનંદન
આપની શુભ ભાવનાઓ, શુભસંકલ્પો, રિદ્ધિ અને સમૃદ્ધિનાં સંદર સ્થાનો સાકર બનો અને અમારી બજાર સમિતિના ઉત્કર્ષમાં સહભાગી બનો. એજ અમ અંતરની અભિલાષ
વા.ચેરમેનશ્રી
શ્રી ચંદ્રસિંહ કે.પટેલ
ચેરમેનશ્રી
શ્રી ગણેશભાઈ જે.ચૌધરી
ઈ.સેક્રેટરીશ્રી
શ્રી રોબીનભાઈ આર.ગામીત
તથા
બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ
તથા
કર્મચારી ગણ
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વ્યારા

સૌને દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ
માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)
વ્યારા, તાપી

દિવાળીના પાવન પર્વ નિમિત્તે સૌને હાર્દિક શુભેચ્છાઓ અને નૂતનવર્ષાભિનંદન
માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)
વ્યારા, તાપી

દિવાળી તેમજ નૂતનવર્ષાભિનંદન
એક શુભેચ્છક